# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડીએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# 12 YEARS PM MODI GOVT DISTRICTS

રાજ્યભરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે "12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના" અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જ્યારે ભાવનગરમાં કેબિનેટ મંત્રી  જિતુ વાઘાણી અને જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિક વેકરિયાએ પત્રકાર પરિષદ યોજી આ અંગે માહિતી આપી. તે મુજબ, જિલ્લામાં પહેલા તબક્કાની જનકલ્યાણ શિબિર હેઠળ 11 જિલ્લા પંચાયત બેઠક પર સેવાસેતુ જેવા કાર્યક્રમ યોજાયા. જ્યારે આવતીકાલે, 17 અને 19 જૂને યોજાનારા આગામી કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતની કુલ 40 બેઠકને આવરી લેવાશે.

જ્યારે જિલ્લામાં યોજાયેલી પ્રગતિપથ યાત્રાનું ગઈકાલે પ્રસ્થાન કરાયું. ઉપરાંત 16થી 20 તારીખ સુધી જિલ્લામાં તાલુકાદીઠ યોજાનારા એક-એક કાર્યક્રમમાં અંદાજે 5થી 10 સ્ટોલ દ્વારા કૃષિ પ્રદર્શન રખાશે.

તો, અમરેલીમાં આજે યોજાનારા વિકસિત ભારત સંકલ્પ સંમેલનમાં વિકાસના 12 વર્ષની યાત્રા, જનકલ્યાણકારી યોજનાઓની સિદ્ધિઓ અને વિકસિત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન અપાશે. જ્યારે જિલ્લામાં હાથ ધરાયેલા વિકાસલક્ષી પ્રકલ્પો, આધુનિક સુવિધાઓ અને સરકારની વિવિધ યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવા “પ્રગતિપથ યાત્રા” પણ યોજાશે.

કચ્છના ભુજમાં હમીરસર તળાવ ખાતે પ્રભારી મંત્રી કાંતિલાલ અમૃતિયાએ શ્રમદાન કરી લોકોને સ્વચ્છતાનો સંદેશ આપ્યો. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડા, શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગા, ધારાસભ્ય કેશુભાઈ ચાવડાએ આરોગ્ય પથ વોક-વેથી સ્મૃતિવન સંગ્રહાલય સુધીની સાઈકલયાત્રાને લીલીઝંડી આપી હતી.

તો, સુરતમાં નવયુગ મહાવિદ્યાલય ખાતે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી અને મેયર માયા માવાણીની ઉપસ્થિતિમાં રાંદેર ઝોનની જનકલ્યાણ શિબિર યોજાઈ. તેમાં લાભાર્થીઓને વિવિધ યોજનાઓના મંજૂરીપત્રો તથા કિટનું વિતરણ કરાયું.

# 12 YEARS PM MODI GOVT

વલસાડ અને ડાંગના સાંસદ ધવલ પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 12 વર્ષના કાર્યકાળ પૂર્ણ થવા નિમિત્તે યોજાનારા “12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના” કાર્યક્રમની માહિતી આપી. ડાંગના આહવામાં અતિથિ ગૃહ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા શ્રી પટેલે કહ્યું, જ્યાં સુધી દેશનો ગરીબ સશક્ત નહીં થાય, ત્યાં સુધી દેશનો વિકાસ અધૂરો રહેશે.

(BYTE: DHAVAL PATEL, MP, VALSAD-DANG)

# MSG LUTERI DULHAN

મહીસાગર એસ.ઓ.જી. પોલીસે લગ્નના નામે લાખો રૂપિયાની છેતરપિંડી કરી ફરાર થતી બે મહિલાને પકડી પાડી છે. આ બંને મહિલા ગોધરા અને નડિઆદમાં છૂપાયેલી હતી. જોકે, મહીસાગર પોલીસે પીડિત વ્યક્તિની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી બંનેની ધરપકડ કરી છે. જ્યારે તેમની સાથે જોડાયેલાં અન્ય લોકોની તપાસ હાથ ધરાઈ હોવાનું નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક જી. એલ. ચૌધરીએ જણાવ્યું.

(BYTE: G. L. CHAUDHARI, DYSP, MAHISGAGAR)

# POONAM MADAM MOTHER DEMISE

જામનગરનાં સાંસદ પૂનમબેન માડમનાં માતા દીનાબેન હેમતભાઈ માડમનું 78 વર્ષની વયે અવસાન થયું. અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે. લાંબા સમયથી બીમાર સ્વર્ગીય દીનાબેન માડમે  આજે અંતિમ શ્વાસ લીધા. સાંજે સાડા ચાર વાગ્યે તેમનાં નિવાસસ્થાન નવાગામ ઘેડથી તેમની અંતિમયાત્રા નીકળશે. તેમનાં અવસાનથી માડમ પરિવાર અને ભાજપમાં શોકની લાગણી જોવા મળી રહી છે.

# CM BLOOD DONOR DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે સૌને નિયમિત રક્તદાન થકી જરૂરિયાતમંદ દર્દીઓનું જીવન બચાવવામાં મદદરૂપ થવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો. રક્તદાનને સાચું મહાદાન ગણાવતા સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે કહ્યું, રક્તદાન જેવા સેવાયજ્ઞમાં જોડાઈને 'સ્વસ્થ સમાજ, સ્વસ્થ ગુજરાત'ના નિર્માણમાં યોગદાન આપતા તમામ રક્તદાતાઓ તેમજ સંસ્થાઓની માનવતાસભર પ્રવૃત્તિઓને બિરદાવીએ.